ગાંધીનગર સમાચાર

રાજકીય સન્માન સાથે ગોપીનાથ મુન્ડેના અંતિમસંસ્કાર

અંતિમસંસ્કાર પૂર્વે ગોપીનાથ મુડેના પાર્થિવ દેહને ગામમાં લોકોના દર્શન માટે મુકાયો : ભાવભીની શ્રદ્ધાંજલિ અપાઈ

મુંબઈ,તા.૪

દેશના પાટનગર નવી દિલ્હીની મંગળવારના દિવસે માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા કેન્દ્રીય ગ્રામીણ વિકાસ પ્રધાન ગોપીનાથ મુંડેના આજે તેમના વતન ગામ મહારાષ્ટ્રના બીડ જિલ્લાના પરલીમાં રાજકીય સમ્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. તેમની પુત્રી અને પરલીમાંથી ભાજપના ધારાસભ્ય પંકજા મુંડેએ અગ્નિદાહ આપ્યો હતો. અંતિમ સંસ્કારમાં લાલકૃષ્ણ અડવાણી, રાજનાથસિંહ, સુષ્મા સ્વરાજ, નીતિન ગડકરી, પ્રકાશ જાવેડકર, શિવરાજસિંહ ચૌહાણ, રમણસિંહ સહિત ભાજપના અનેક ટોચના નેતાઓ હાજર રહ્યા હતા. પોતાના લોકપ્રિય નેતાના અંતિમ દર્શન માટે પરલી ગામમાં પણ હજારોની સંખ્યામાં લોકો

પહોંચ્યા હતા. ભાજપના કાર્યકરોની એક વિશેષ ટ્રેન પણ મુંબઈથી લાતુર પહોંચી હતી. અંતિમ સંસ્કાર પહેલા મુંબઈમાં પાર્થિવ શરીરને ગામમાં સમર્થકોના અંતિમ દર્શન માટે મુકવામાં આવ્યો હતો. આ ગાળા દરમિયાન અંતિમ દર્શન માટે પહોંચેલા લોકોની પોલીસ સાથે ઝપાઝપી થઈ હતી. પોલીસે કેટલાક લોકોને રોકવા માટે લાઠીચાર્જ પણ કર્યો હતો. જેમાં નારાજગીનું મોજું ફરી વળ્યું હતું. મોડેથી પંકજાની વિનંતી બાદ નારાજ લોકો શાંત થઈ ગયા હતા. આ અગાઉ દિલ્હીથી એરફોર્સના વિમાન મારફતે તેમના મૃતદેહને મુંબઈ લાવવામાં આવ્યો હતો. વર્લીની પુર્ણા ઈમારત નજીક આવાસ ઉપર પહોંચીને મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણ, ઉદ્ધવ ઠાકરે, આદિત્ય ઠાકરે, મનોહર જોશી, પ્રફુલ પટેલ અને અન્ય લોકોએ પણ શ્રદ્ધાંજલિ આપી હતી. મોડી રાત સુધી મુંડેના મૃતદેહને નરીમન પોઈન્ટ નજીક ભાજપની ઓફિસ ઉપર રાખવામાં આવ્યો હતો. સવારે વિમાન મારફતે લાતુર લઈ જવાયો હતો. એ વખતે ભાજપના મોટી સંખ્યાના લોકો ઉપસ્થિત રહ્યા હતા. અહીંથી હેલિકોપ્ટર મારફતે તેમના મૃતદેહને પરલી સુધી લઈ જવામાં આવ્યો હતો .

અંતિમ સંસ્કારની સાથે-સાથે

મુંબઈ,તા.૪

કેન્દ્રીય ગ્રામીણ વિકાસ પ્રધાન ગોપીનાથ મુંડેના આજે રાજકીય સન્માન સાથે અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા. અંતિમસંસ્કારમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. પોતાના પસંદગીના નેતાના અંતિમ દર્શન માટે પડાપડી થઈ હતી જેથી પોલીસ સાથે ઝપાઝપી થઈ હતી. પોલીસને સ્થિતિને કાબુમાં લેવા લાઠીચાર્જ કરવાની જરૂર પડી હતી. મુન્ડેના અંતિમસંસ્કારની સાથે સાથેનો ઘટનાક્રમ નીચે મુજબ છે.

- મુન્ડેના તેમના વતન ગામ બીડ જિલ્લાના પરલીમાં રાજકીય સન્માન સાથે અંતિમસંસ્કાર
- બપોરે બે વાગ્યે મોટી પુત્રી અને પરલીમાંથી સાંસદ પંકજા મુન્ડેએ અગ્નિદાહ આપ્યો
- અંતિમસંસ્કારવેળા અડવાણી, રાજનાથસિંહ, સુષ્મા સ્વરાજ, નીતિન ગડકરી અને પ્રકાશ જાવડેકર, રમણસિંહ, શિવરાજસિંહ ઉપસ્થિત રહ્યા
- પોતાના પસંદગીના નેતાના અંતિમ દર્શન માટે પરલી ગામમાં હજારો સમર્થકો ઉમટી પડ્યા
- ભાજપ કાર્યકરો ખાસ ટ્રેનથી લાતુર પહોંચ્યા
- અંતિમસંસ્કાર પહેલા મુન્ડેના પાર્થિવ શરીરને લોકોના દર્શન માટે ગામમાં રાખવામાં આવ્યો
- અંતિમ દર્શન કરવા પડા પડી થતાં પોલીસ દ્વારા લાઠીચાર્જ કરાયો
- પોલીસ અને સમર્થકો વચ્ચે અથડામણથી સ્થિતિ વણસી ગઈ
- દિલ્હીથી એરફોર્સના વિમાન મારફતે મુન્ડેના મૃતદેહને મંગળવારે મુંબઈ લવાયો હતો
- મુંબઈમાં ભાજપની ઓફિસ પર અંતિમ દર્શન માટે ઉદ્ધવ ઠાકરે, મુખ્યમંત્રી પૃથ્વીરાજચૌહાણ, રાજ ઠાકરે પણ પહોંચ્યા હતા
- સવારે મૃતદેહને વિમાન મારફતે લાતુર લઈ જવામાં આવ્યો
- હેલિકોપ્ટરથી લાતુરથી પરલી લઈ જવાયો હતો
- અંતિમ સંસ્કાર દરમિયાન ભાવનાશીલ દૃશ્યો સર્જાયા
- મંગળવારના દિવસે માર્ગ અકસ્માતમાં મુન્ડેનું કરૂણ મોત થયું હતું
- પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં હાર્ટ અટેક અને લીવર ફાટી જવાના કારણે મોત થયું હોવાનો ખુલાસો કરાયો
- કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ યુપીએ ગઠકપક્ષોની બેઠક મુન્ડેના અવસાનના કારણે મોકુફ કરી
- શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરે દ્વારા સીબીઆઈ તપાસની માંગ કરાઈ

મુન્ડેને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ લોકસભા આજ સુધી મુલતવી

નવી દિલ્હી,તા. ૪

૧૬મી લોકસભાને આજે ગુરૂવાર સુધી મોકુફ કરી દેવામા આવી હતી. ગઈકાલે દિલ્હીમાં કાર અકસ્માતમાં કેન્દ્રિય પ્રધાન ગોપીનાથ મુન્ડેના મોત બાદ તેમને શ્રદ્ધાંજલિ આજે આપવામાં ાવી હતી. અગાઉ આજે સવારે કોંગ્રેસના નેતા કમલનાથે રાષ્ટ્રપતિ ભવનમાં પ્રોટેમ સ્પીકર તરીકેના શપથ લીધા હતા. ગૃહના સૌથી વરિષ્ઠ સભ્ય હોવાના કારણે તેમને પ્રોટેમ સ્પીકર બનાવવામાં આવ્યા છે. જ્યા સુધી નિયમિત અધ્યક્ષની નિમણૂંક કરવામાં ન આવે ત્યાં સુધી કમલનાથ ગૃહની કાર્યવાહી સંભાળશે. લોકસભાના નવા અધ્યક્ષની ચૂંટણી છટ્ટી જુનના દિવસે યોજાનાર છે. કમલનાથને હોદ્દા અને ગુપ્તતાના શપથ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી દ્વારા લેવડાવવામાં આવ્યા હતા. આજે સવારે ગૃહ મળતાની સાથે જ લોકસભાના સેક્રેટરી જનરલ પી. શ્રીધરણે ૧૬મી લોકસભાની રચના માટે જાહેરનામુ વાચ્યું હતુ. ત્યારબાદ મુન્ડેને અંજલિ આપવામાં આવી હતી. કાર અકસ્માતમાં મૃત્યુ પામેલા મુન્ડેના સન્માનમાં બે મિનિટનુ મૌન પાળવામાં આવ્યું હતુ. બે મિનિટના મૌન બાદ ગૃહને દિવસભર માટે મોકુફ કરવાનો નિર્ણય કરાયો હતો. અગાઉ દ્વારા નક્કી કરવામાં આવેલા કાર્યક્રમ મુજબ નવા ચૂંટાયેલા સભ્યો બુધવારે શપથ લેનાર હતા અને આ કવાયત ગુરૂવારે પણ ચાલનાર છે. હવે ગૃહ ગુરૂવારે મોડે સુધી બેસે તેવી શક્યતા છે. છટ્ટી જુને બપોર સુધી શપથવિધીની પ્રક્રિયા ચાલે તેવી શક્યતા છે. સંસદીય બાબતોના પ્રદાન નાયડુએ આ મુજબની વાત કરી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ ઈન્દોરમાંથી આઠ વખતના ભાજપના સંસદસભ્ય સુમિત્રા મહાજન લોકસભાના નવા અદ્યક્ષ ચૂંટાઈ આવે તેવી શક્યતા છે. મહાજન લોકસભાના અધ્યક્ષ બનનાર બીજા મહિલા હશે.છેલ્લા પાંચ વર્ષ સુધી મીરા કુમાર લોકસભાના અધ્યક્ષ તરીકે હતા.

નવમી જુનના દિવસે રાષટ્રપતિ મુખર્જી સંસદના બન્ને ગૃહોને સંબોદન કરશે. જેમા તેઓ નવી સરકારની રૂપરેખા રજૂ કરશે. ત્યારબાદ ૧૦ એન ૧૧મી જૂને રાષ્ટ્રપતિના સંબોધન પર ચર્ચા થશે.

બજેટની તૈયારી શરૂ : આજે કૃષિ સેક્ટરના પ્રતિનિધિઓ સાથે ચર્ચા

નવી દિલ્હી, તા.૪

નાણાં પ્રધાન અરૂણ જેટલી આવતીકાલથી બજેટ પૂર્વેની વાતચીતનો સિલસિલો શરૂ કરનાર છે. બજેટની લગતી તમામ બાબતો ઉપર ચર્ચા કરવામાં આવશે. કૃષિ સેક્ટરના પ્રતિનિધિઓ સાથે આ વાતચીતનો દોર શરૂ થશે. ૨૭મી મેના દિવસે નાણાં પ્રધાન તરીકેનો હવાલો સંભાળી લીધા બાદ અરૂણ જેટલી એક પછી એક વાતચીતનો દોર યોજી રહ્યા છે. નાણાં મંત્રાલયના પાંચ વિભાગોમાં પ્રતિનિધિઓ દ્વારા તેમની સમક્ષ રજૂઆત કરવામાં આવી ચુકી છે. જુલાઈના પ્રથમ સપ્તાહમાં બજેટ રજૂ કરવામાં આવનાર છે. આની તમામ તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. જેટલીના પ્રથમ બજેટમાં કેટલાક મહત્વપૂર્ણ પાસાઓને આવરી લેવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ચુંટણી પ્રચાર દરમિયાન જાહેર કરવામાં આવેલી બાબતોને આવરી લેવામાં આવશે. નરેન્દ્ર મોદી સરકાર અર્થતંત્ર માટે અતિઝડપથી આગળ વધવાની ઈચ્છા ધરાવે છે. અરૂણ જેટલી બજેટ

પહેલા જુદા-જુદા ક્ષેત્રો સાથે ચર્ચા કરનાર છે અને તેમની રજૂઆત સાંભળનાર છે જેમાં સામાજિક સેક્ટર સાથે સંબંધિત સંગઠનોના પ્રતિનિધિઓનો પણ સમાવેશ થાય છે. પરંપરાગત કવાયતના ભાગરૂપે નાણાંમંત્રી જુદા જુદા સંબંધિતો સાથે વાતચીત કરશે જેમાં ઉદ્યોગ ચેમ્બર્સના પ્રતિનિધિઓ, ટ્રેડ યુનિયનો, ફાઈનાન્સીયલ સર્વિસના પ્રતિનિધિઓ, જુદા જુદા રાજ્યોના નાણા પ્રધાનો સાથેની વાતચીતનો સમાવેશ થાય છે. આ બેઠકોમાં પ્રધાન બજેટ માટે સેક્ટરને લગતા સુચનોને ધ્યાનમાં લેશે. જેટલીએ ૨૭મી મેના દિવસે જવાબદારી સંભાળી હતી. અરૂણ જેટલી સામે ઘણા બધા પડકારો રહ્યા છે જેમાં ભાવવધારાને કાબુમાં લેવા જેવા આર્થિક પરિબળોનો સમાવેશ થાય છે. નાણાકીય સ્થિતિને મજબૂત કરવાની બાબતનો પણ આમાં સમાવેશ કરવામાં આવ્યો છે. અન્ય બાબતોની સાથે-સાથે સબ્સિડીને તર્કસંગત બનાવવા ઉપર ધ્યાન કેન્દ્રીત કરાશે. સરકારી ખર્ચના મોટા હિસ્સાને લઈને પણ ચર્ચા થશે. ચાર્જ સંભાળી લીધા બાદ જેટલીએ કહ્યું છે કે, ઘણા બધા પડકારો રહેલા છે આ પડકારો ખૂબ જ દેખીતા છે.

સર્વિસ ઈન્ડસ્ટ્રીમાં નવી આશા જાગી

સર્વિસ એક્ટિવીટીમાં પ્રથમ વખત નોંધાયેલો તીવ્ર વધારો

બેંગલોર,તા. ૪

ભારતના વિશાળ સર્વિસ સેક્ટર ઈન્ડસ્ટ્રીમાં તેજી આવવાના સંકેત દેખાઈ રહ્યા છે. એક વર્ષમાં પ્રથમ વખત સર્વિસ એક્ટીવીટી ઝડપી બની રહી છે. નવા બિઝનેસમાં વધારો થઈ રહ્યો છે. નવા સર્વેમાં આજે આ મુજબની વાત કરવામાં આવી હતી. એચએસબીસી સર્વિસ પર્ચેસીંગ મેનેજર્સ ઈન્ડેક્સ દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, સર્વિસ એક્ટીવિટી એપ્રિલ મહીનામાં ૪૮.પથી વધીને ૫૦.૨ સુધી પહોંચી ગઈ છે. આ આંકડા ખૂબ જ આશાસ્પદ દેખાઈ રહ્યા છે. ગયા વર્ષે જુન બાદથી પ્રથમ વખત આમાં પણ મોદીની અસર દેખાઈ રહી છે. નરેન્દ્ર મોદી અને ભાજપની ઐતિહાસિક જીતના પરિણામ

ટીસીએસ સીઈઓને ૧૮.૭ કરોડનું વળતર મળ્યું

તાતા કન્સલટન્સી સર્વિસ (ટીસીએસ)ના સીઈઓ એન ચંદ્રશેખરનને ૨૦૧૩-૧૪માં વળતર તરીકે ૧૮.૭ કરોડ રૂપિયા મળ્યા છે. ગયા વર્ષે જે રકમ મળી હતી તેના કરતા ૫૯.૭ ટકાનો વધારો થયો છે. ગયા વર્ષે ૧૧.૭ કરોડનું વળતર મળ્યું હતું. જેની સરખામણીમાં ૫૯.૭ ટકા વધુ વળતર મળ્યું છે અને આ વખતે વળતર ૧૮.૭ કરોડનું રહ્યું છે. ભારતીય આઈટી સર્વીસ કંપનીમાં સૌથી વધુ નાણાં મેળવનાર સીઈઓ તરીકે ચંદ્રશેખરન રહ્યા છે. તેમના વળતરમાં કંપનીમાં તેઓ ધરાવતા ૮૮૫૨૮ શેરમાંથી ડીવીડન્ડની રકમનો સમાવેશ કરવામાં આવ્યો નથી. ઈન્ફોસીસના પૂર્વ પ્રમુખ શ્રી નિવાસનના પગાર કરતા પણ આ રકમ વધારે છે. કંપનીના દેખાવમાં ઉલ્લેખનીય વધારો થયો છે. આ તમામ સંજોગોને જોતા તેમના વળતરમાં તીવ્ર વધારો થયો છે. માઈક્રો લેવલ ઉપર ગ્લોબલ આઈટી ખર્ચ સતત વધી રહ્યો છે. ચંદ્રશેખરે શેરધારકોને પત્ર લખીને આ મુજબની જાણ કરી છે.

કેરળમાં મોનસુન સમયસર આજે પહોંચે તેવી સંભાવના

નવી દિલ્હી,તા. ૪

કેરળમાં સમયસરરીતે આવતીકાલે ગુરૂવારે મોનસુન પહોંચી જાય તેવી શક્યતા છે. હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહીમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. આગામી ૪૮ કલાકમાં કેરળમાં મોનસુનનો વરસાદ શરૂ થઈ જશે. હવામાન વિભાગે કહ્યુંછે કેસ્થિતી કેરળ પર દક્ષિણપશ્ચિમ મોનસુન બેસી જવા માટે બિલકુલ આદર્શ દેખાઈ રહી છે. કેરળમાં મોનસુનની શરૂઆત થયા બાદ તે દક્ષિણ અરેબિયન દરિયાના અન્ય ભાગો તરફ આગળ વધશે. તમિળનાડુના કેટલાક ભાગોને આવરી લે તેવી શક્યતા છે. આગામી ૭૨ કલાક દરમિયાન ઉત્તરપૂર્વીય રાજ્યોના કેટલાક ભાગોને તે આવરી લેશે. દક્ષિણપશ્ચિમ મોનસુનને ખેતી માટે ખુબ ઉપયોગી ગણવામાં આવે છે. હજુ પણ ભારતમાં મોટા ભાગના ખેડુત વરસાદ પર આધારિત રહે છે. હવામાન વિભાગે માહિતી આપતા કહ્યુ છે કે કેરળમાં આવતીકાલે મોનસુનની એન્ટ્રી થઈ જશે. ઓરિસ્સા, આસામ, કોકણ એન ગોવા તેમજ દરિયાકાઠાના કર્ણાટક એન દક્ષિણ કેરળમાં ગાજવીજ સાથે વરસાદ થાય તેવી શક્યતા છે. સતત ચાર વર્ષ સુધી સામાન્ય અને સામાન્ય કરતા વધારે વરસાદ થયા બાદ આ વખતે હવામાન વિભાગે ઓછો વરસાદ થવાની આગાહી કરી છે. આ વર્ષે ૯૫ ટકા સુધી વરસાદ થાય તેવી શક્યતા છે. આ સમાચાર કૃષિ સમુદાય માટે નિરાશાજનક રહ્યા છે. જો કે હજુ આશા રહેલી છે. હવામાન વિભાગે કહ્યું છે કે ઈલ નિનોની અસરની કારણે સામાન્ય કરતા ઓછો વરસાદ રહેનાર છે. અલનિનો સામાન્ય રીતે દરિયાના પાણીના ગદરમ થવા સાથે સંબંધત છે. ગઈકાલે જ આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજને તેમની નાણાંકીય નિતી સમીક્ષા જારી કરતી વેળા કેટલીક સાવધાની રાખવાની વાત કરી હતી. જો કે તેમને રેપો રેટ અને સીઆરઆર યથાવત રાખવાનો નિર્ણય કર્યો હતો. હવામાન વિભાગની આગાહીના કારણે કૃષિ ક્ષેત્રનુ ચિત્ર નિરાશાજનક બનશે.મોનસુન દેશભરમાં આ વખતે નબળુ રહે તેવી વાત થઈ ચુકી છે.

આસામમાં કબિનેટનુ ટુંક સમયમાં વિસ્તરણ

આસામમાં લોકસભાની ચૂંટણીમાં પક્ષના ખરાબ દેખાવ બાદ હવે બળવો થવાના સંકેત દેખાઈ રહ્યા છે આવા સમયમાં આસામમાં આવી સ્થિતીને ટાળવાના પ્રયાસો મુખ્ય પ્રધાન તરૂણ ગોગોઈ દ્વારા હાથ ધરવામાં આવ્યા છે. ગોગોઈ ટુંક સમયમાં જ આસામમાં કેબિનેટનુ વિસ્તરણ કરે તેવી શક્યતા છે. આ સંબંધમાં ગોગોઈ કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધી સાથે બે વખત વાતચીત કરી ચુક્યા છે. વિસ્તરણ એન ફેરરચનાની પ્રક્રિયા ક્યારેય હાથ ધરવામાં આવનાર છે તે અંગે કોઈ માહિતી મળી નથી પરંતુ ટુંક સમયમાં કેબિનેટનુ વિસ્તરણ કરીને નારાજ દેખાઈ રહેલા સભ્યોને મનાવી લેવામાં આવશે.

ગુજરાત ટ્રેનિંગ મોડલ દેશમાં લાગુ કરવા પ્રાથમિક તૈયારી

નવી દિલ્હી,તા. ૪

માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા ગુજરાત મોડલને દેશભરમાં લાગુ કરવા માટે કામગીરી શરૂ કરી દીધી છે. શરૂઆત ગુજરાતમાં આમલી ટીચર્સ ટ્રેનિંગના મોડલથી કરવામાં આવનાર છે. માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા આના માટે વિસ્તૃત અભ્યાસ કરવાનો આદેશ જારી કરી દીધો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ખાસ પ્રાથમિકતામાં શિક્ષણને પણ રાખવામાં આવ્યા બાદ આ દિશામાં સરકાર ઝડપથી આગળ વધશે. સમગ્ર શિક્ષણ વ્યવસ્થાને બદલી નાંખવાની વાત ભાજપના નેતાઓ દ્વારા પ્રચાર દરમિયાન કરવામાં આવી હતી. મોદી પોતે તેમના ભાષણમાં કહી ચુક્યા છે કે એક કુશળ અને તાલીમ પામેલા શિક્ષણકો જ વિદ્યાર્થીઓને કુશળ પ્રોફેશનલ બનાવી શકે છે. શિક્ષણને નવા સ્વરૂપમાં રજૂ કરવાની વાત મોદીએ કરી હતી. વિદ્યાર્થીઓ નવા સમયના પડકારોનો સામનો યોગ્ય રીતે કરી શકે તે માટે શિક્ષણને બદલી નવી રીતે રજૂ કરાશે. સુત્રોના જણાવ્યા મુજબ માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા સમગ્ર દેશમાં એક એવી વ્યવસ્થા અમલી બનાવી શકે છે જે શિક્ષકોને તેમના કેરિયર દરમિયાન સતત નવી ટ્રેનિગ આપશે. સુત્રોના જણાવ્યા મુજબ માનવ સંશાધન વિકાસ પ્રદાન સ્મૃતિ ઈરાનીએ અધિકારીઓને ટીચર્સ ટ્રેનિંગના ગુજરાત મોડલ પર વિસ્તૃત અભ્યાસ રીપોર્ટ તૈયાર કરવા માટે કહ્યું છે. ગુજરાત મોડલ ટીચર્સના ટ્રેનિંગની બાબત જ નક્કી કરતા નથી બલ્કે જુદા જુદા વિષયોના શિક્ષકોને માહિતી અને દુરસંચારની ટેકનોલોજીની મદદથી કુશળ બનાવી છે. ગુજરાત મોડલના ભાગરૂપે તમામ ટીચર્સને કોમ્પ્યુટર અભ્યાસ મારફતે વિષયની ટ્રેનિગ આપવામાં આવે છે. જેથી તેઓ આઈસીટી ઈનેબલ્ડ ક્લાસરૂમમાં પણ આને રજૂ કરી શકે.

મંત્રાલયો-વિભાગોમાં કામની વર્તમાન વ્યવસ્થા હવે બદલાશે

નવી દિલ્હી,તા. ૪

નરેન્દ્ર મોદીની સરકારમાં આરામ મળસે નહી. મોદીએ કામગીરીનેઝડપી બનાવવા માટેની નિતી તૈયાર કરવાની સુચના આપી દીધી છે. જેના ભાગરૂપે કેન્દ્રિય કર્મચારીઓના વિકેન્ડમાં કાપ મુકવામાં આવે તેવી શક્યતા છે. કામના કલાકો કર્મચારીઓના વધારવા માટેની ગણતરી મોદી કરી રહ્યા છે. મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે કામની ઝડપને વધારવા માટે અને કામને સમયસર પૂર્ણ કરવા માટે મંત્રાલય અને વિભાગોમાં કામ કરવાના વર્તમાન માળખાને સંપૂર્ણરીતે બદલી નાંખવાની તૈયારી કરી છે. સુત્રોએ કહ્યું છે કે અંગત બાબતો અને તાલીમ વિભાગ મંત્રાલયને એક કેબિનટ નોંધ તૈયાર કરી લેવાની સુચના આપવામાં આવી છે. સંસદ સત્રની પૂર્ણાહુતિ બાદ આને કેબિનેટની મંજૂરી મળી શકે છે. આ સંબંધમાં નરેન્દ્ર મોદીએ ગઈકાલે તમામ સેક્રેટરી સાથે વાતચીત કરનાર હતા પરંતુ ગોપીનાથ મુન્ડેના અકસ્માતમાં મોતના કારણેબેઠક યોજાઈ શકી ન હતી. મોદીએ ડિપાર્ટમેન્ટ ઓફ પર્સનલ એન્ડ ટ્રેનિંગ વિભાગ પોતાની પાસે રાખીને કેટલાકને ચોંકાવી દીધા છે. સુત્રોએ કહ્યું છે કે જ્યાં સુધી આદેશ જારી કરવામાં ન આવે ત્યાંસુધી તમામ સેક્રેટરીઓને મોખિકમાં શનિવારે ઓફિસમાં આવવા મોટેની સુચના આપવામાં આવી છે. હકીકતમાં મોદી પોતે કામ પ્રત્યે ઝનુની ગણવામાં આવે છે. તેઓ પોતે ૧૮ કલાક સુધી કામ કરે છે. તેમને પોતાની ટીમમા એવા જ લોકોને વધારે પ્રાથમિકતા આપી છે જે શારરિક એન માનસિક રીતે મુશ્કેલ કામ કરી શકે. નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં મુખ્યપ્રધાન તરીકે કામની એક નવી નિતી અપનાવી હતી જે સફળ સાબિત થઈ હતી. ઓફિસ આઠ વાગે ખુલી જશે. નરેન્દ્ર મોદી સરકાર લોકસભાની ચૂંટણી દરમિયાન લોકોને આપવામાં આવેલા વચન વહેલી પૂર્ણ કરવા લોકોના વિશ્વાસને યોગ્ય ઠેરવવા માટે ઉત્સુક દેખાઈ રહ્યા છે. જો કે વિકેન્ડમાં કાપની વિચારણાથી ટોચના અધિકારીઓમાં તર્કવિતર્કના દોર શરૂ થઈ ગયા છે.કેન્દ્રિય કર્મચારીઓને માત્ર રવિવારના દિવસે જ રજા મળશે.

ઈ-કોમર્સમાં એફડીઆઈને ટૂંકમાં મંજુરી અપાશે

નવી દિલ્હી,તા. ૪

ઈ-કોમર્સમાં એફડીઆઈને મંજુરી આપવાની દિશામાં ભારત ઝડપથી આગળ વધે તેવી શક્યતા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર ભારતના ઈ-કોમર્સ સેક્ટરમાં વિદેશી સીધા મુડીરોકાણને મંજુરી આપી શકે છે. આગામી મહીનાની શરૂઆતમાં આને મંજુરી આપવામાં આવશે. ગ્લોબલ ઓનલાઈન રિટેલર્સ માટેનો માર્ગ મોકળો કરવા માટે ભારત દ્વારા પગલા લેવામાં આવી રહ્યા છે. એમેઝોન તેના બિઝનેશને આગળ વધારવા માટે પગલા લેવાની તૈયારીમાં છે. મામલા સાથે સંકળાયેલા ચાર લોકો દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવે છે. ઓનલાઈન રિટેલ સેક્ટરમાં મેન્યુફેક્ચરીંગ પ્રક્રિયા ઝડપી બનાવાશે. આગામી મહીનાના બજેટમાં કેટલીક નવી જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે. ભારતમાં હાલ તેમની ચીજવસ્તુઓ સીધી રીતે ગ્રાહકોને વેચી શકવાની સ્થિતિમાં નથી. કારણકે, ઓનલાઈન રીટેલર્સ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે પરંતુ ૧૦૦ ટકા માર્કેટ પ્લેસ બિઝનેસ માટે તેમને મંજુરી આપવામાં આવી છે. આવી સ્થિતિમાં થર્ડ પાર્ટી સપ્લાયર્સ તેમના પ્લેટફોર્મનો ઉપયોગ કરી શકે છે પરંતુ એમેઝોન અને ઈ-બે દ્વારા દેશમાં ઓપરેટ થવા આવા પ્લેટફોર્મને મંજુરી અપાઈ છે.

સેન્સેક્સ ૫૩ પોઈન્ટ ઘટીને ૨૪૮૦૬ની નીચી સપાટીએ

મુંબઈ,તા.૪

શેરબજારમાં આજે મંદીનું મોજું ફરી વળ્યું હતું. કારોબારના અંતે સેન્સેક્સમાં ૫૩ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો જેથી તેની સપાટી ૨૪૮૦૬નોંધાઈ હતી. જ્યારે નિફ્ટી ૧૪ પોઈન્ટ ઘટીને ૭૪૦૨ની સપાટીએ રહ્યો હતો. બીએસઈ મીડકેપ ઈન્ડેક્સમાં ૧.૮ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧.૯ ટકાનો ઉછાળો નોંધાયો હતો. એશિયન બજારમાં આજે મંદીનું મોજું રહ્યું હતું. જોકેનિક્કીમાં બે મહીનાની ઉંચી સપાટી જોવા મળી હતી. ગુરુવારના દિવસે ઈસીબીની બેઠક પહેલા કારોબારીઓ સાવધાને દેખાઈ રહ્યા છે. જાપાનના નિક્કીમાં૦.૨ ટકાનો ઉછાળો નોંધાયો હતો જેથી તેની સપાટી ૧૫૦૬૮ નોંધાઈ હતી જ્યારે શાંઘાઈમાં ૦.૭ ટકાનો ઘટાડો નોંધાયો હતો. હેંગસેંગમાં ૦.૬ ટકાનો અને સ્ટ્રેટ ટાઈમ્સમાં ૦.૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. સીએસી, ડીએએક્સમાં ઘટાડો નોંધાયો હતો. રેટલક્ષી સેક્ટરોમાં રિયાલીટી ઈન્ડેક્સમાં ૧.૬ ટકાનો ઉછાળો નોંધાયો હતો. કેપીટલ ગુડ્સ અને મેટલ ઈન્ડેક્સમાં, આઈટી, ઓઈલ એન્ડ ગેસમાં ૧.૩ ટકા સુધીનો ઘટાડો નોંધાયો હતો. આજે કારોબાર દરમિયાન એલએન્ડટીમાં સૌથી વધુ ૧.૨ ટકાનો ઉછાળો નોંધાયો હતો. ચોથા ત્રિમાસિક ગાળા દરમિયાન કમાણીના આંકડા જારી કરવામાં આવી ચુક્યા છે જેના લીધે એલએન્ડટીમાં ઉછાળો નોંધાયો હતો. બેંકીંગ ક્ષેત્રમાં એસબીઆઈમાં ૧.૫ ટકા જ્યારે આઈસીઆઈસીઆઈ બેંકમાં ૦.૮ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. ઓટો, આઈટી શેરમાં ઉથલપાથલ જોવા મળી હતી. નેશનલ ફર્ટીલાઈઝર લીમિટેડના શેરમાં૯.૯ ટકા જેટલો ઉછાળો જોવા મળ્યો હતો. માર્કેટ બ્રીડ્થ આજે ખૂબ જ હકારાત્મક રહ્યું હતું. ૨૧૨૫ જેટલા શેરમાં તેજી અને ૯૨૨ શેરમાં મંદી રહી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં ગઈકાલે રેકોર્ડ ઉંચી સપાટી જોવા મળી હતી. મેટલના શેરમાં મજબુતી જોવા મળી હતી. ચીનના અપેક્ષા કરતા વધુ મજબુત મેન્યુફેક્ચરીંગ આંકડાના પરિણામ સ્વરૂપે સેન્સેક્સ અને નિફ્ટી રેકોર્ડ ઉંચી સપાટી પર પહોંચ્યા હતા.